કેળવણીના કિનારે : ડૉ.અશોક પટેલ

# સૈનિકોને મળો, તેમના વિચારો જાણો અને પ્રોત્સાહન આપો

ગત શનિવારે આ જ કોલમમાં આ જગ્યા પર ભારત પાકિસ્તાનની વિઘાકોટ-કચ્છ બોર્ડર પરના સૈનિકો સાથેની અમારી મુલાકાત દરમિયાન જાણવા મળેલ હકિકતથી આપ સૌને વાકેફ કરેલા. બાકી રહી ગયેલ વાત આજે રજૂ કરીને સૈનિકોની આપવિતી અને તેમના વિચારોથી આપ સુધી પહોંચાડવાનો આ પ્રયત્ન છે. સૈનિકોએ જણાવેલ કે, અમે સૌ ઘરથી ઘણાં દૂર હોઇએ છીએ. ઘરના સારામાઠા સમાચાર અઠવાડિયે જ મળે. અમે ઘેર અઠવાડિયે-દસ દિવસે ટેલિફોન કરી શકીએ છીએ, પણ ઘરના સભ્યો અમને ટેલિફોન કરી શકતા નથી. કારણ કે, અમે જે જગ્યા પર ફરજ બજાવીએ છીએ ત્યાં ટેલિફોનના ટાવર હોતા નથી. એક સૈનિકે જણાવેલ કે, ચોમાસાને કારણે મારા ત્રણે સંતાનો બિમાર પડેલા. જેની જાણ મને આઠ દિવસે થઇ, ત્યારે મારી દિકરી ખૂબ જ બિમાર હતી. નવરાશની પળોમાં કઇ બાબતના વિચારો વધુ આવે ? તેના જવાબમાં જણાવેલ કે, સાહેબ આમ જોવા જઇએ તો અમે કશું જ વિચારતા નથી. દેશમાં શું ચાલી રહ્યું છે કે સરકાર શું કરી રહી છે. તેવા વિચારો બહુ ઓછા આવે છે. હા... જો વિચારો આવતા હોય તો ઘર-કુટુંબના વિચારો આવે છે.

તમે તમારા ઘેર જાવ ત્યારે ગામના લોકોનો પ્રતિભાવ કેવો હોય છે ? એક જવાને જણાવેલ કે, ગામમાં ગાંડાની જેમ ફરીએ છીએ. ગામમાં પણ અમને જોઇએ તેવો આવકાર મળતો નથી. અમારી ફરજની કિંમત ગામડાના લોકો સમજતા નથી. આમ પણ થોડા દિવસની રજા લઇને ગયા હોઇએ એટલે ઘરના સભ્યો અને સગાંવ્હાલા કે અગત્યના કામમાં જ અમારો સમય ખૂબ જ ઝડપથી પસાર થઇ જાય છે.

ઘૂસણખોરી કેવી રીતે થાય છે. તેની ચર્ચામાં જવાનોનું જણાવવું હતું કે, કચ્છ સરહદ દેશની સૌથી સુરક્ષિત અને શાંત સરહદ ગણાય છે. કારણ કે, ભારતની સરહદ પર કચ્છનો વિસ્તાર રણ પ્રદેશ છે. સૈનિકો વોચ ટાવર પર બેસીને નજર રાખી રહ્યા હોય છે. ઉપરાંત પાકિસ્તાન તરફનો પ્રદેશ પણ રણ કે જંગલ વિસ્તારથી ભરેલો છે. આમ જોતા ઘૂસણખોરી કરનાર કોઇ પણ વ્યક્તિ ઘૂસી તો શકે, પણ ઘૂસ્યા પછી જાય ક્યાં.? કારણ આપણી બાજુ તો રણ છે, તેને દિશા જ ન મળે કે કઇ બાજુ જવું. ઉપરાંત સપાટ રણમાં પાણી વિના કેટલા દિવસ ચલાવી શકે ? ઉનાળામાં સખત ગરમીમાં કે ચોમાસાના વરસાદમાં કચ્છના રણમાં ઘૂસીને આગળ વધવું ઘણું ઘણું કપરું છે. આમ સૈનિક અને કુદરતી વાતાવરણ વચ્ચે ઘૂસણખોર આગળ વધી જ ન શકે.

બોર્ડર પર જતાં રસ્તામાં એક સમાધિ જોઇ. જાણવા મળ્યું કે, રોડ બંધાતો હતો ત્યારે એક ટ્રક પલટી ખાઇ ગઇ હતી. જેમાં એક જવાન અવસાન પામેલ. જેની યાદગીરીમાં સમાધિ બંધાવેલ છે. એટલું જ નહીં ભારત પાકિસ્તાનની બોર્ડરને અડિને જ ૧૯૬૫ના યુદ્ધ વખતે ભારતના ૧૧ સૈનિકો શહિદ થયેલા. જેમની સમાધિ બનાવવામાં આવેલી છે. આ સૈનિકોને માન આપવા માટે આજે પણ ભુલ્યા વગર કોઇપણ પરિસ્થિતિમાં તેમને દરરોજ સવારના સમયે જમવાનું ધરાવવામાં આવે છે. ભગવાનને ધરાવવામાં આવતા પ્રસાદની જેમ શહિદ થયેલા ૧૧ સૈનિકોને સૌ પ્રથમ ભોજન ધરાવીને પછી જ અન્ય સૈનિકો જમે છે. જે વિધિ ૧૯૬૫થી

આજદિન સુધી ચાલુ જ છે. સૈનિકોની એક માન્યતા એવી પણ છે કે, જો ત્યાં ભોજન ધરાવવામાં ન આવે તો તેમને ગમતું હોતું નથી. તેઓ ગમે તે રીતે અમને તેમનો પરચો બતાવીને નોંધ લેવાડાવે જ છે.

તમામ સૈનિકો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબથી ખૂબ જ ખૂશ હતા. સૈનિકોના જણાવ્યા પ્રમાણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૯ માં અહીંની મુલાકાત લીધેલી. ત્યારે તેઓ અમને મળેલા. અમને અમારી જરૂરિયાત વિશે પૂછેલું. અમે કેટલીક જરૂરિયાત જણાવેલી તો તેઓશ્રીએ ખાલી ઠાલા વચનો આપવાને બદલે અમારી જરૂરિયાત તાત્કાલિક પૂર્ણ કરેલ. જેમકે, વીજળીની સગવડ તેમજ દરેક સૈનિકના રૂમમાં ટી.વી. અને ચેનલ માટે સેટઅપ બોક્ષ. એટલું જ નહીં ટી.વી. કે સેટઅપ બોક્ષ બગડે તો ભૂજમાં વગર પૈસે રિપેરિંગ કરાવવાની સગવડ કરી આપેલ છે. સૈનિકોના મતે કેટલીક જવાબદારી કેન્દ્ર સરકારની આવે છે. આમછતાં ગુજરાત સરકાર અમારું વધારે ધ્યાન રાખે છે.

પાકિસ્તાન અને ભારત સરહદે પોતપોતાના વિસ્તારમાં સૈનિકો સુરક્ષા કાજે ખડેપગે તૈયાર હોય છે. બંને દેશના સૈનિકો એકબીજા સાથે વાતચિત પણ કરતા હોય છે. બંને પક્ષના સૈનિકો માને છે કે, ભાઇ તમે પણ ખુશ રહો અને અમે પણ ખુશ રહીએ. ટપાલની આપલે કે અન્ય નાની મોટી સમસ્યા હોય ત્યારે તેઓ એકબીજાને મળે છે. આ માટે પાકિસ્તાન તરફથી સફેદ અને ભારત તરફથી કેસરી વાવટો ફરકાવવામાં આવે છે. જે દેશના સૈનિકને બીજા દેશના સૈનિકને વાતચિત કરવી હોય કે સમાચાર-ટપાલની આપલે કરવી હોય તે પોતાનો વાવટો ફરકાવે છે. સામેના દેશના સૈનિક વાવટો ફરકાવીને પ્રત્યુત્તર આપે છે. પછી પહેલેથીજ દરેક વખત માટે નક્કી કરેલ જગ્યા પર સૈનિકો મળે છે. ત્યારબાદ ઉચ્ચઅધિકારી મળે છે. આમ તો દર બે-ત્રણ મહિને બંને દેશના ઉચ્ચ અધિકારીઓ નિયમિત પણે મળે છે. ત્યારે સરહદ પર મંડપ બાંધવામાં આવે જ છે. ખુરશી, સોફસેટ વગેરે લાવવામાં આવે છે. ૨૦૦ જેટલા સૈન્યના માણસો સાથે જમે છે અને બંને પક્ષના પ્રશ્નોની રજૂઆત કરીને ઉકેલ મેળવે છે. બંને દેશના સૈનિકો એકબીજાને મળતા હોય કે વાત કરતા હોય કે સામસામે પોતાના દેશની રખેવાળી કરતા હોય છતાં ત્યારે એકબીજાને નકારાત્મક દૃષ્ટિથી જોતા નથી. પણ... હા... એકબીજા પર વિશ્વાસ પણ રાખતા નથી

સૈનિકો કે તેમના અધિકારી સાથેની વાતચિત દરમિયાન એક નોંધ લેવાઇ કે, તેઓને બોલવું ખૂબ જ ગમે છે, સાંભળવાનું ઓછું. વાતચિત દરમિયાન આપણે વચ્ચે કશું બોલવા જઇએ તો તેઓ આપણું સાંભળે જ નહી. તેમને પૂછીએ થોડું પણ જણાવે વધુ. વિચારતા લાગ્યું કે, તેઓને આમ પણ સરહદ પર સાંભળનાર કોણ ?. કોની સાથે વાત કરીને હળવા થાય.? ત્યારે સ્વાભાવિક છે કે પોતાના દિલને ખોલીને વાત કરીને હળવા થતા હોય છે. તેમની વાતોમાં મોટાભાગે તેમના સંતાનો અને ઘર મુખ્ય સ્થાને જ રહેતા હતા.

આ વાત હતી ભારતના સૈનિકોની. સૈનિકોને મળવું, તેમના ખબર અંતર પૂછવા તે દરેક નાગરિકની ફરજ ગણાય. ભારતની બોર્ડર અને સૈનિકોની મુલાકાત લેવી સાવ સરળ છે. જે સૌ માટે ગૌરવવંતી બની રહેશે. સૈનિકોને પ્રોત્સાહન પૂરું પાડશે. શાળા-કોલેજો અને સૌ નાગરિકોએ આ ફરજ નિભાવવી જ રહી. અંતે લાલબહાદુર શાસ્ત્રીજીને યાદ કરીએ, “ જય જવાન, જય કિસાન ”